# શહેરમાં પાંચેય શંકાસ્પદ દર્દીઓના રિપોર્ટ નેગેટિવ

## કોરોના પોઝિટિવ કેસના વધુ એક દર્દી કોરોના મુક્ત થતા રજા અપાઈ : વધુ પાંચ દર્દીઓને શુક્રવારે બપોરે દાખલ કરાયા : ઓપીડી દરમિયાન પણ સાતેક દર્દીઓના રેપીડ ટેસ્ટ કરાયા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર માટે આજે રાહતના સમાચાર હતા. ગઈકાલે દાખલ કરાયેલ પાંચેય શંકાસ્પદ દર્દીઓના રિપોર્ટ નેગેટિવ આવ્યા. જેમાના એક દર્દી અગાઉ નૉ-પોઝિટિવ - નૉ-નેગેટિવ હતો તે યુવાન દર્દીનો પણ રિપોર્ટ નેગેટિવ આવતા આરોગ્ય તંત્રમાં હાશકારો અનુભવાયો હતો.

સેક્ટર-૭ના નિવૃત્ત સનદી અધિકારીના પુત્રને નો-પોઝિટિવ - નો-નેગેટિવ રિપોર્ટ આવતા આરોગ્ય સત્તાવાહકો મુંઝવણમાં મુકાયા હતા. પરંતુ આજે સાંજે નેગેટિવ રિપોર્ટ આવતા તે યુવાન દર્દીને પણ ૧૪ દિવસના હોમ ક્વૉરન્ટાઈન રહેવાની શરતે રજા આપવામાં આવી છે.

આ ઉપરાંત અગાઉ દાખલ થયેલ કોરોના પોઝિટિવના દર્દી સ્વપ્રીલ પટેલ કે જેઓ ઉમંગના ફોઈના દિકરા થાય તેમને પણ બંને વખત નેગેટિવ રિપોર્ટ આવતા આજે મોડીસાંજે રજા અપાઈ હતી.

આમ હવે ગાંધીનગર સીવીલમાં ૪ કોરોના પોઝિટિવ દર્દીઓ અને અમદાવાદમાં ગાંધીનગરના ૪ કોરોના પોઝિટિવ દર્દીઓને સારવાર અપાઈ રહી છે.

આજે દિવસ દરમિયાન વધુ પાંચ શંકાસ્પદ દર્દીઓને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા અને તેમના સેમ્પલ પણ લેવામાં આવ્યા છે. આ ઉપરાંત સીવીલની નિયમિત ઓપીડી દરમિયાન પણ શરદી - તાવના દર્દીઓનું પ્રમાણ નોંધપાત્ર હતું. જેમાંથી સાતેક દર્દીઓના ત્વરિત હંગામી ટેસ્ટ પણ કરાયા હતા. જોકે તેમના કોરોનાના કોઈ વિશિષ્ટ લક્ષણ દેખાતા ન હતા.

## લોદરામાંથી ૪ વ્યકિતના નમુના લઈ પરીક્ષણ માટે મોકલાયા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લોદરા ખાતેથી આજે આરોગ્ય તંત્ર દ્વારા ૪ જેટલી વ્યકિતના સેમ્પલ લઈ અને ચકાસણી માટે મોકલ્યા છે. લોદરામાં ગઈકાલે ૮૯ વર્ષની મહિલાને કોરોના પોઝીટીવ આવ્યો હતો. તંત્ર દ્વારા અહીં ૧૭થી વધુ લોકોને ફેસીલીટી કવોરોન્ટાઈન સેન્ટરમાં રાખ્યા છે.

આજે આરોગ્ય તંત્રની એક ટીમ ત્યાં ગઈ હતી અને ૪ જેટલી વ્યકિતના સેમ્પલ લીધા છે. કવોરોન્ટાઈનમાં રહેલા તમામની તબિયત સારી હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

લોદરાને કલસ્ટર કેન્ટોનમેન્ટ ઝોનમાં મુકીને ત્યાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પણ સઘન બનાવવામાં આવ્યુ છે. જે નોંધનીય છે. રાજય સરકારની સૂચના મુજબ ૫ થી ૧૪ દિવસની અંદર શંકાસ્પદ દર્દીઓના સેમ્પલ લેવામાં આવશે.

## કાઉન્સીલરોએ વધુ એક પત્ર લખી ગ્રાન્ટમાંથી જરૂરિયાતવાળા પરિવારોને અનાજની કીટ આપવા મંજૂરી માંગી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકામાં કોંગ્રેસના કાઉન્સીલરોએ વધુ એક પત્ર લખી અને કમિશનરને તેમની ગ્રાન્ટમાંથી જરૂરિયાતમંદોને અનાજની કીટ આપવા માટેની મંજૂરી માંગી છે.

વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, અંકિત બારોટ, ચીમનભાઈ વિંઝુડા તેમજ રમીલાબેન વાઘેલાએ પુનઃ પત્ર પાઠવી આ અંગે ઝડપથી નિર્ણય લેવા માંગ કરી છે.

આ સભ્યોએ એવી રજુઆત કરી છે કે તેમના વિસ્તારમાં ગરીબ અને જરૂરિયાત ધરાવતા પરિવારોની સંખ્યા વિશેષ છે. આ પરિવારોમાં હજુ બધા પરિવારો રોજનું કમાઈ અને રોજ ખાવાવાળા છે. આવી સંવેદનશિલ બાબતોમાં અને લોકડાઉનના આ સમયગાળામાં નિર્ણય લેવામાં તંત્ર ઉદાસીનતા દાખવે તે યોગ્ય નથી. આ બાબતે આપ ઝડપથી નિર્ણય કરશો તેવી માંગ આ કાઉન્સીલરોએ કરી છે.

કાઉન્સીલરોની રજુઆત અંગે તંત્રના સૂત્રોએ હાલ મૌન ધારણ કરેલુ છે. આ કાઉન્સીલરોએ તેમના પત્રની નકલ મેયર અને સ્થાયી સમિતિના ચેરમેનને પણ મોકલી હોવાનું જાણવા મળેલ છે.



લોકડાઉનના પગલે સુમસામ - શહેરમાં છેલ્લા ૨૪ દિવસથી લોકડાઉનના પગલે માર્ગો ઉપરાંત સેક્ટરો સુમસામ નજરે પડે છે... આવશ્યક સેવા સિવાય નાગરિકો ઘરની બહાર જવાનું ટાળે છે... કોરોના સામેની લડાઈમાં ગાંધીનગરની શિસ્ત સલામને પાત્ર છે... ઘરમાં રહીએ, સુરક્ષિત રહીએ...

## કોલવડા આયુર્વેદ કોલેજ ખાતે કોવિડ-૧૯ માટે કેર સેન્ટર બનાવાશે

### ૨૦૦ પથારીની સુવિધા સાથે આ કેર સેન્ટર ઉભુ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક આવેલ કોલવડા ગામની મોડેલ આયુર્વેદ કોલેજને કોવિડ હેલ્થ કેર સેન્ટર તરીકે જિલ્લા કલેકટર દ્વારા ડેઝીગ્નેટેડ કરવામાં આવેલ છે.

કોલવડા ખાતે ૨૦૦ પથારીની સુવિધા સાથે આ સેન્ટર ઉભુ કરવામાં આવનાર છે. આ માટે કલેકટર દ્વારા મોડેલ કોલેજની બે વિંગ પસંદ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ જિલ્લાના અન્ય અધિકારીઓએ કોલેજ સંકુલની મુલાકાત લીધા બાદ સત્તાવાળાઓ સાથે બેઠક કરી આ અંગેનો આખરી નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ સંકુલ જિલ્લાની મધ્યમાં આવેલ હોવાથી પસંદગી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આ કેર સેન્ટર ખાતે એક્સ-રે તેમજ લેબોરેટરીની ખાસ સુવિધા પણ ઉભી કરવામાં આવશે એટલુ જ નહિ આ માટે જુદા જુદા કર્મચારીઓને ખાસ પ્રતિનિયુક્તી પર અહિ ફરજ પર મુકવામાં આવશે.

આ કેર સેન્ટરમાં રખાયેલા લોકોને આયુષ મંત્રાલયની ગાઈડલાઈન પ્રમાણે ઉકાળા પણ આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. ભોજન અને બાકિ વ્યવસ્થાઓ જિલ્લાતંત્ર દ્વારા પુરી પાડવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને ૩૦૦ બેડની ખાસ કોવિડ હોસ્પિટલમાં તબદીલ કરવાના લેવાયેલ નિર્ણય પછી હવે

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં સરકારી કચેરીઓ ૨૦મીથી શરૂ થશે

**વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓએ આદેશ મુજબ હાજર રહેશે જ્યારે વર્ગ-૩-૪ના કર્મચારીઓ રોસ્ટર સિસ્ટમ મુજબ ૩૩ ટકા કર્મચારીઓ હાજર રહી શકશે**

ગાંધીનગર, તા. ૧૭

રાજય સરકારની ગાઈડલાઈન મુજબ સરકારી કચેરીઓ ૨૦મીથી શરૂ થઈ શકે છે. જોકે તેમાં રોસ્ટર પદ્ધતિ મુજબ કર્મચારીઓની ૩૩ ટકા હાજરી રહેશે. જ્યારે વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓ આદેશ મુજબ હાજર રહી શકશે. જોકે અરજદારો-મુલાકાતીઓ માટે પ્રવેશ પ્રતિબંધિત રહેશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દેશવ્યાપી લોકડાઉન ૩ મે-૨૦૨૦ સુધી લંબાયાની પ્રવર્તમાન સ્થિતીમાં ભારત સરકારે ૨૦ એપ્રિલથી સરકારી કચેરીઓ કાર્યરત કરવાના આપેલા દિશાનિર્દેશોને પગલે રાજ્ય સરકારની કચેરીઓ પણ આ દિશાનિર્દેશોના કેટલાંક નિયમોને આધિન રહીને ફરી કાર્યરત કરવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ૨૦ એપ્રિલથી ૩ મે સુધી સરકારની કચેરીઓ સિમીત સ્ટાફ સાથે ચાલુ રાખવા અંગે ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ રાજ્ય સરકારની કચેરીઓ પણ ચાલુ કરવાનો નિર્ણય કર્યો છે. પરંતુ જે વિસ્તારમાં કોરોના વાયરસનું વ્યાપક સંક્રમણ થયું હોય તેવા જે વિસ્તારો હોટસ્પોટ અને કન્ટેનમેન્ટ ઝોન જાહેર થયા છે તે વિસ્તારોમાં આવેલી કચેરીઓ ચાલુ કરાશે નહિ.

આ વિસ્તારોમાં વસતા કર્મચારી-અધિકારીઓને ફરજ પર આવવામાંથી મુકિત આપવામાં આવી છે. એ સિવાય રાજ્ય સરકારના તમામ વહિવટી વિભાગો-ખાતાના વડાઓ-કચેરીઓ નિયંત્રીત સિમીત સ્ટાફ સાથે સોશિયલ ડિસ્ટન્સીંગ નોર્મ્સ જાળવીને ચાલુ રાખવાની સૂચનાઓ મુખ્યમંત્રીએ આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

## દિપડો નદી કિનારાના ગામો તરફથી આવ્યો : વનતંત્ર દ્વારા પગમાર્કનુ નિરિક્ષણ

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર નજીકના કોલવડા ગામમાંથી પાંજરામાં કેદ થયેલો દિપડો પેથાપુર બાજુ થઈને નદી કીનારાના વિસ્તારમાંથી આવ્યો હોવાનુ વનતંત્રના ધ્યાને આવ્યુ છે. દિપડાના પગમાર્કનો પણ આજે વનતંત્રએ અભ્યાસ કર્યો હતો. અલબત્ત અગાઉ નદીકીનારાના વિસ્તારમાં દિપડો ફરતો હોવાની વાત પણ આ તબક્કે સાચી હોવાનુ પુરવાર થયુ છે.

શહેર નજીકના કોલવડા ગામમાંથી દિપડો પકડતા ગઈકાલે કોરોના સાથે દિપડો ટોક ઓફ ધ ટાઉન રહ્યો હતો. ગાંધીનગરના નદીકીનારા વિસ્તારમાં દિપડો છેલ્લા બે મહીનાથી ફરતો હોવાની ફરિયાદો પણ અગાઉ ઉઠવા પામી હતી. પરંતુ ચબરાક દિપડાની તપાસના અંતે કાંઈ હાથ લાગતુ ન હતુ. જયારે લોકડાઉનના સન્નાટા વચ્ચે કોલવડા ગામ તરફ આવેલો દિપડો ગઈકાલે આર્યુવેદિક કોલેજમાં ઘુસી ગયા બાદ દિપડાને લોક કરી દેવાયા બાદ વનતંત્રએ શુટગનની મદદથી તેને

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તરવહીના મુલ્યાંકન માટે અંદાજિત ૧ હજાર શિક્ષકોની આરોગ્ય ચકાસણી

### જિલ્લાના ૮ કેન્દ્રો પર શિક્ષકોની આરોગ્ય ચકાસણી બાદ જ મુલ્યાંકનની કામગીરી : કેન્દ્રોને પણ યોગ્ય રીતે સેનેટાઇઝ કરાયા : શિક્ષકો સોશિયલ ડીસ્ટન્સીંગ જાળવે તે મુજબની બેઠક વ્યવસ્થા : સાબુ અને સેનેટાઇઝર પણ રાખવામાં આવ્યા છે

ગાંધીનગર તા ૧૭

ધો -૧૦ અને ૧૨ની ઉત્તરવહીના મુલ્યાંકનની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લામાં ૮ કેન્દ્રો પર અંદાજિત ૧ હજાર જેટલા શિક્ષકો આ કામગીરી કરી રહ્યા છે. ત્યારે કોવિડ ૧૯ ની સામે સાવચેતી દાખવવા માટે શિક્ષણતંત્રએ જરૂરી તકેદારીના પગલા પણ લીધા છે. શિક્ષકોની સ્થળ પર આરોગ્ય તપાસ કરવામાં આવી છે. તમામ કેન્દ્રોને પણ સેનેટાઈઝ કરી દેવાયા છે. જયારે ઉત્તરવહીના મુલ્યાંકન દરમિયાન સોશિયલ ડીસ્ટન્સીંગ જળવાય અને સાબુ સેનેટાઈરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

સમગ્ર દેશમાં કોરના વાયરસની મહામારીના લીધે હાલ લોકડાઉનની સ્થિતિ છે. જયારે લોકડાઉન વચ્ચે વેપાર ઉદ્યોગો સહીત અનેકવિધ વિકાસ કામો પણ ઠપ્પ થઈ ગયા છે. આવા સંજોગોમાં શૈક્ષણિક કામગીરી પણ ખોરવાઈ ગઈ છે. અલબત્ત શાળા કોલેજોમાં વેકેશન આપી દેવાયુ છે. ત્યારે ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષાના અંતે ઉત્તરવહીના મુલ્યાંકનની કામગીરી પણ વિલંબમાં પડી હતી. જો કે ગઈકાલથી આ કામગીરી શરૂ કરવા માટે સરકારે આદેશ આપ્યા બાદ શિક્ષકોને કોરાના સંક્રમણથી બચવા માટે જરૂરી નિયમોનુ પાલન કરવાની સુચના સાથે ઉત્તરવહીનુ મુલ્યાંકન કરવા સુચના આપી છે. જયારે ઉત્તરવહીના મુલ્યાંકનમાં શિક્ષકો માટે ઉત્તમ વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાનુ પણ શિક્ષકો સ્વીકારી રહ્યા છે. હાલ આકરી ગરમીની સિઝન ચાલુ છે. જયારે મહીલા શિક્ષકોને પણ શહેર આસપાસના માણસા કલોલ દહેગામ સહીતના વિસ્તારમાં ઉત્તરવહીનુ મુલ્યાંકન કરવા જાય છે. કોવિડ ૧૯ ને અનુલક્ષીને ઉત્તરવહીના મુલ્યાંકનના સ્થળે સોશિયલ ડીસ્ટન્સીંગ , સેનેટાઈઝેશન સહીત શિક્ષકોની આરોગ્ય ચકાસણીની પણ પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. પ્રત્યેક કેન્દ્રોમાં એક રૂમમાં ૧૦ શિક્ષકો બેઠક વ્યવસ્થા સોશિયલ ડીસ્ટન્સીંગ જળવાય તે મુજબ ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત સેનેટાઈઝેશન પણ સતત કરવામાં આવે છે. રેડ ઝોનમાં આવતા હોય તેવા શિક્ષકોને ઉત્તરવહીના મુલ્યાંકન માટે બોલાવાયા નથી. તમામ શિક્ષકોની આરોગ્ય તપાસ કરવામાં આવી છે. સ્થળ પર જ આરોગ્ય વિભાગના અધિકારીઓની હાજરીમાં શિક્ષકોની તપાસ કરવામાં આવ્યા

● અનુસંધાન પાન-૭ પર



લૉકડાઉને લોકોને પ્રકૃતિની નજીક લાવી દીધા છે. રાત્રીના સમયે આકાશ તારાઓથી ઝમગી ઉઠે છે. દિવસ ઉગતા જ પંખીઓના કલશોરથી આકાશ ગુંજી ઉઠે છે. નવી પેઢીએ અગાઉ કયારેય અનુભવ્યું ન હોય તેવું પ્રકૃતિનું સ્વરૂપ હાલમાં જોવા મળી રહ્યું છે. ઉનાળાનો પ્રારંભ થયો છે ત્યારે શહેરના ઘણા પરિવારોએ અગાસી કે આંગણામાં સુવાનું શરૂ કર્યુ છે. લૉકડાઉનના કારણે હાલમાં પ્રદૂષણ સાવ ઓછું હોઈ અગાસી કે આંગણામાં સુતા સુતા પ્રકૃતિનો અદભૂત નજારો માણી શકાય છે.

## અમદાવાદ જિલ્લાની સરહદ પર આવેલા ગાંધીનગર તાલુકાના ૧૯ ગામોમાં આવન-જવાન પર તંત્રની બાજ નજર

### ગાંધીનગર તાલુકાના ૧૯ ગામોમાં ૧૦ કલસ્ટર રચીને તેની ટીમો દ્વારા કોવિડ-૧૯ નું સંક્રમણ ન થાય તેની તકેદારી રાખશે : કલસ્ટરની ટીમો દ્વારા ગામોમાં સોશ્યિલ ડિસ્ટન્સીંગ, માસ્ક પહેરવાની અમલવારી અને જાહેરમાં થુંકવાના પ્રતિબંધનો કડક અમલ કરાવશે

ગાંધીનગર, તા.૧૭

અમદાવાદ જિલ્લાની સરહદ પર આવેલા ગાંધીનગર તાલુકાના ૧૯ જેટલા ગામોમાં આવન-જવાન પર રોક રાખવાના ઉમદા આશયથી આજરોજ ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી જે.એમ.ભોરણિયાના અધ્યક્ષ સ્થાને એક બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ ગામોમાં કલસ્ટરની રચના કરી ૧૦ જેટલા અધિકારીઓના નેતૃત્વમાં કલસ્ટરનુસાર ટીમની રચના કરીને આ કામગીરીનું સુચારું આયોજન કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

સમગ્ર દેશમાં તા. ૩ મે, ૨૦૨૦ સુધી લોક ડાઉનનો અમલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લાના કેટલાંક ગામડાઓ અમદાવાદ શહેરને અડીને આવેલા છે. તેમજ ગાંધીનગર અને અમદાવાદના રહીશો પોતાના ધંધા-રોજગાર અર્થે ગાંધીનગર કે અમદાવાદ અરસ-પરસ જતા આવતાં હોય છે. અમદાવાદ જિલ્લામાં ૫૦૦ જેટલા કોરોનાના પોઝિટીવ કેસો નોધાયા છે. અમદાવાદ જિલ્લાના સંક્રમિત વ્યક્તિઓના સંપર્કને કારણે ગાંધીનગર તાલુકાના નાગરિકોમાં કોરોના વાયરસનું સંક્રમણ ન થાય તે માટે અમદાવાદ જિલ્લાની સરહદ પર આવેલા ગામોમાં અમદાવાદના સંક્રમિત નાગરિકોના સંપર્કમાં કોઈ લોકો ન આવે તેમજ જો કોઈ કારણસર કોઈ વ્યક્તિ આવી રીતે સંપર્કમાં આવે તો તેને ઓળખી કાઢી તેનું આરોગ્યલક્ષી સ્કનીંગ કરી સંક્રમણ ન ફેલાય તે માટે જરૂરી તકેદારીના પગલાઓ લેવા માટે આજ રોજ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં ૧૯ જેટલા ગામો માટે ૧૦ કલસ્ટરની રચના કરવામાં આવી છે.

આ ગામોમાં ગાંધીનગર તાલુકાના ખોરજ, જમીયતપુરા, દંતાલી, શેરથા, અડાલજ, ઝુંડાલ, અંબાપુર, કોટેશ્વર, સુઘડ, નભોઈ, અમીયાપુર, ભાટ, લીંબડિયા, કરાઈ, ચિલોડા(ના), રણાસણ, રાયપુર, મેદારા, સોનારડા ગામનો સમાવેશ થાય છે. આ ગામો માટે ૧૦ કલસ્ટરની રચના કરવામાં આવી છે.

આ ટીમો દ્વારા સરહદી વિસ્તારના ગાંધીનગર તાલુકાના ગામોમાં દરેક દરેક ઘરોમાં તપાસ

● અનુસંધાન પાન-૭ પર

## વાતાવરણ પલ્ટાના અંતે ગરમીનો પારો ગગડયો

### તાપમાન ૩૯ ડીગ્રી : વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા બફારાનો અહેસાસ : રાત્રિનુ તાપમાન પણ ૩ ડીગ્રી ઉંચકાતા ઢળતી સાંજ બાદ પણ ગરમી અને બફારાનો અહેસાસ

ગાંધીનગર તા ૧૭

શહેરમાં છેલ્લા પાંચ દિવસથી ગરમીનુ જોર સતત વધી રહ્યુ હતુ. ગરમીનો પારો ૪૨.૬ ડીગ્રીએ પહોંચી જતા નગરજનો અસહ્ય ગરમીનો અહેસાસ કર્યો હતો. જયારે સતત ગરમીના અંતે આજે અચાનક જ વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો હતો. ગઈકાલે આકાશમાં વાદળોનો ઘેરાવ જોવા મળ્યો હતો. જયારે છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણના અંતે આજે અચાનક જ ગરમીનુ પ્રમાણ ઘટયુ હતુ. ગરમીનો પારો ૩૯ ડીગ્રીએ પહોંચી ગયો હતો. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધતા નગરજનોએ બફારો પણ અનુભવ્યો હતો. બીજીતરફ લઘુત્તમ તાપમાન પણ ૩ ડીગ્રી ઉંચુ આવતા રાત્રિના સમયે પણ નગરજનોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. વાતાવરણ પલ્ટાના લીધે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી છે. પરંતુ વિચિત્ર મોસમનો અનુભવ કરતા નાગરિકો બેચેની અનુભવી રહ્યા છે.

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી ગરમીનુ જોર વધ્યુ છે. ગરમીનો પારો સતત ૪૦ ડીગ્રીને પાર રહેતા નગરજનો સતત ગરમી અનુભવી રહ્યા છે. બે દિવસ અગાઉ મહત્તમ તાપમાન ૪૨.૬ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. ચૈત્ર તપતા બપોરના સમયે અંગારા વરસાવતી ગરમીનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. બીજીતરફ કોરોના કહેર વચ્ચે લોકડાઉનની સ્થિતિ છે ત્યારે આમ પણ નગરમાં કરફયુ જોવા મળી રહ્યો છે. ઘરની બહાર નિકળવાનુ પસંદ કરતા નથી. જરૂરી ચીજવસ્તુઓ લેવા માટે પણ નાગરિકો બપોરના સમયે બહાર નિકળતા નથી. જયારે સતત ગરમીના અંતે છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. ગઈકાલે વાતાવરણ પલ્ટાના લીધે ગરમીનો પારો નીચે ઉતરીને ૩૯ .૭ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. જયોર આજે મહત્તમ તાપમાન ગઈકાલની સાપેક્ષમાં ૦.૭ ડીગ્રી ઘટતા તાપમાન ૩૯ ડીગ્રી પહોંચી ગયુ હતુ. દિવસ દરમિયાન હળવા વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. જયારે બદલાતા વાતાવરણ વચ્ચે ભેજનુ પ્રમાણ પણ વધ્યુ હતુ. સવારે ભેજનુ પ્રમાણ ૬૩ ટકા રહ્યુ હતુ. બીજીતરફ રાત્રિનુ તાપમાન ૩ ડીગ્રી વધતા ઢળતી સાંજ બાદ પણ નાગરિકોએ ગરમી અનુભવી હતી. લઘુત્તમ તાપમાન પણ ૨૭.૫ ડીગ્રી રહ્યુ હતુ. ગરમીની નિખરતી મોસમ વચ્ચે અચાનક જ વાદળિયા વાતાવરણના લીધે નાગરિકોએ રાહત અનુભવી છે. જો કે વાતાવરણ પલ્ટાના અંતે બે ચાર દિવસમાં ફરીથી ગરમીનો પારો ઉગ્ર બનશે તેમ પણ હવામાન નિષ્ણાંતોએ જણાવ્યુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com